MAHARAJA KRISHNAKUMARSINHJI BHAVNAGAR UNIVERSITY

# મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

નેક પ્રમાણિત "બી" ગ્રેડ

સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ, ગૌરીશંકર લેઈક રોડ, ભાવનગર–૩૬૪ ૦૦૧. ગુજરાત. ફોનઃ (P.B.X.) ૨૪૩૦૦૦૨–૬–૭/ ૨૫૧૧૫૬
કુલપતિઃ (ઓ) ૨૪૨૬૫૧૯ (ઘર) ૨૪૨૯૦૮૬ કુલસચિવઃ (ઓ) ૨૪૨૮૦૧૪ ફેકસઃ (૦૨૭૮) ૨૪૨૬૭૦, ૨૫૧૩૯૪૩
ઈમેઈલઃ registrar@bhavuni.edu વેબસાઈટઃ www.bhavuni.edu


એકેડેમિક / વિદ્યા / ૪૯૦૫ / ૩૫૮૨૦ / ૨૦૧૨ તાઃ ૩૧ / ૦૮ / ૨૦૧૨

સદંર્ભ :– (૧) એકેડેમિક કાઉન્સિલની સભા તા. ૦૧–૦૭–૨૦૧૨ ઠરાવ ક્રમાંક : ૨,૩ અને ૫
(૨) એકેડેમિક કાઉન્સિલની સભા તા. ૧૪–૦૮–૨૦૧૨ ઠરાવ ક્રમાંક : ૧

પરિપત્ર :–

આથી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંચાલિત/સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, ભવન/કેન્દ્રના વડાઓ, ડીપ્લોમા અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરશ્રીઓને તથા બાહય પરીક્ષા વિભાગને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ થી અમલી બને તે રીતે વિવિધ પરીક્ષાઓનું યુનિવર્સિટી તથા આંતરિક કસોટીનું માળખું તે અંગેના નિયમો, પેપરોની સંખ્યા, ગુણભાર વગેરે અન્વયે એકેડેમિક કાઉન્સિલની સભામાં નીચે મુજબ ઠરાવ થયેલ છે, જે અંગે સંબંધિત સર્વે ને જાણ કરવી.

**એકેડેમિક કાઉન્સિલની સભા તા.૦૧–૦૭–૨૦૧૨. ઠરાવ ક્રમાંક (૨)**

આથી ઠરાવવામાં આવે છે કે,

(૧) **સ્નાતક અભ્યાસક્રમો માટે (વિનયન, વાણિજય, વિજ્ઞાન, મેનેજમેન્ટ, ગ્રામવિદ્યા અને કાયદા વિદ્યાશાખા માટે):–**

વિદ્યાર્થીને ૨ થી ૬ સેમેસ્ટર સુધીમાં પ્રવેશ માટે અગાઉના સેમેસ્ટરના કોઈપણ પરિણામ ધ્યાને લેવા નહી. પરંતુ આગળના સેમેસ્ટરના તમામ પેપરો પાસ ન કરે ત્યાં સુધી વિદ્યાર્થીનુ પરિણામ **Withheld** રહેશે.

આ અન્વયે ઈન્ટરનલ માર્કસ ૩૦ અંગેના નિયમો નીચે મુજબ રહેશે.

(૧.૧) સેમેસ્ટરમાં તેની ટર્મ ગ્રાન્ટ થયેલી હોવી જોઈએ, એટલે કે નિયમાનુસાર હાજરી અને ઈન્ટરનલ માર્કસમાં પાસ થયેલ હોય તેને જ આગળના સેમેસ્ટરમાં જવા દેવા.

(૧.૨) ઈન્ટરનલ માર્કસમાં નાપાસ અથવા અપૂરતી હાજરીના કારણે ડીટેઈન થનાર વિદ્યાર્થીને સેમેસ્ટરની યુનિવર્સિટી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. આવા વિદ્યાર્થીઓએ ફરીથી તે જ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવાનો રહેશે.

(૧.૩) ઈન્ટરનલ માર્કસમાં ૩૦ માંથી ૧૨ મેળવનાર વિદ્યાર્થી પાસ ગણાશે.

(૧.૪) શૈક્ષણિક વર્ષ ૨૦૧૨ – ૧૩ થી કોલેજ કક્ષાએ ઈન્ટરનલ ૩૦ માર્કસ માટે માત્ર એસાઈનમેન્ટ લાગુ પડશે.

(૧.૫) કોલેજોએ ઈન્ટરનલ માર્કસ યુનિવર્સિટીની પરીક્ષા શરૂ થાય તે પહેલા મોકલી દેવાના રહેશે. યુનિવર્સિટી પરીક્ષાના પરિણામ બાદ પાછળથી કોઈ ઈન્ટરનલમાં સુધારા વધારા વાળા માર્કસ સ્વીકારવામાં આવશે નહી.

(૧.૬) આંતરિક ગુણ ૩૦ અંગે નું સાહિત્ય યુનિવર્સિટી પરીક્ષાનું પરિણામ જાહેર થયે થી ૧ વર્ષ સુધી જે તે સંસ્થાએ જાળવી રાખવાનું રહેશે.

MAHARAJA KRISHNAKUMARSINHJI BHAVNAGAR UNIVERSITY

# મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

નેક પ્રમાણિત "બી" ગ્રેડ

સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ, ગૌરીશંકર લેઈક રોડ, ભાવનગર–૩૬૪ ૦૦૧. ગુજરાત. ફોનઃ (P.B.X.) ૨૪૩૦૦૦૨–૬–૭/ ૨૫૧૧૧૫૬
કુલપતિઃ (ઓ) ૨૪૨૬૫૧૯ (ઘર) ૨૪૨૯૦૮૬ કુલસચિવઃ (ઓ) ૨૪૨૮૦૧૪ ફેક્સઃ (૦૨૭૮) ૨૪૨૬૭૦, ૨૫૧૩૯૪૩
ઈમેઈલઃ registrar@bhavuni.edu વેબસાઈટઃ www.bhavuni.edu

(૨) **અનુસ્નાતક અભ્યાસક્રમો માટે :–**

વિદ્યાર્થીને ૨ થી ૪ (એમ.સી.એ.માટે ૨ થી ૬ સેમેસ્ટર) સેમેસ્ટર સુધીમાં પ્રવેશ માટે અગાઉના સેમેસ્ટરના કોઈપણ પરિણામ ધ્યાને લેવા નહી. પરંતુ આગળના સેમેસ્ટરના તમામ પેપરો પાસ ન કરે ત્યાં સુધી વિદ્યાર્થીનુ પરિણામ **Withheld** રહેશે.

આ અન્વયે ઈન્ટરનલ માર્કસ ૩૦ અંગેના નિયમો નીચે મુજબ રહેશે.

ઈન્ટરનલ માર્કસમાં નાપાસ અથવા અપૂરતી હાજરીના કારણે ડીટેઈન થનાર વિદ્યાર્થીને સેમેસ્ટરની યુનિવર્સિટી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. આવા વિદ્યાર્થીઓએ ફરીથી તે જ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવાનો રહેશે. ઈન્ટરનલ માર્ક માટે નીચેના ત્રણ કમ્પોનન્ટસ રહેશે.

| | | |
|---|---|---|
| – | Assignment | ૧૦ ગુણ |
| – | Seminar | ૧૦ ગુણ |
| – | Test | ૧૦ ગુણ |
| | **કુલ** | **૩૦ ગુણ** |

(૨.૧.) વિદ્યાર્થીએ ત્રણે ( ૩ ) કમ્પોનન્ટમાં હાજર રહેવું ફરજિયાત છે.

(૨.૨.) ઈન્ટરનલ માર્કસમાં ૩૦ માંથી ૧૨ મેળવનાર વિદ્યાર્થી પાસ ગણાશે.

(૨.૩.) પ્રથમ ટેસ્ટમાં ગેરહાજર રહેનાર વિદ્યાર્થી માટે દ્વિતીય ટેસ્ટ લેવાશે. દ્વિતીય ટેસ્ટમાં પણ ગેરહાજર રહેનાર વિદ્યાર્થીની ટર્મ ગ્રાન્ટ થશે નહી અને જે સેમેસ્ટર ની ઈન્ટરનલ માર્કસમાં નાપાસ થશે તે સેમેસ્ટરમાં ફરીથી પ્રવેશ લેવાનો રહેશે.

(૨.૪.) ભવન/કેન્દ્ર દ્વારા ઈન્ટરનલ માર્કસ યુનિવર્સિટીની પરીક્ષા શરૂ થાય તે પહેલા મોકલી દેવાના રહેશે. યુનિવર્સિટી પરીક્ષાના પરિણામ બાદ પાછળથી કોઈ ઈન્ટરનલમાં સુધારા વધારા વાળા માર્કસ સ્વીકારવામાં આવશે નહી.

(૨.૫.) આંતરિક ગુણ ૩૦ અંગે નું સાહિત્ય યુનિવર્સિટી પરીક્ષાનું પરિણામ જાહેર થયે થી ૧ વર્ષ સુધી જે તે સંસ્થાએ જાળવી રાખવાનું રહેશે.

સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ, ગૌરીશંકર લેઈક રોડ, ભાવનગર–૩૬૪ ૦૦૧. ગુજરાત.
ફોન: (P.B.X.) ૨૪૩૦૦૦૨–૬–૭/ ૨૫૧૧૧૫૬
કુલપતિ: (ઓ) ૨૪૨૬૫૧૯ (ઘર) ૨૪૨૮૦૮૬ કુલસચિવ: (ઓ) ૨૪૨૮૦૧૪
ફેકસ: (૦૨૭૮) ૨૪૨૬૭૦, ૨૫૧૩૯૪૩
ઈમેઈલ: registrar@bhavuni.edu
વેબસાઈટ: www.bhavuni.edu


વધુમાં ઠરાવવામાં આવે છે કે, વિનયન, વાણિજ્ય, ગ્રામવિદ્યા અને મેનેજમેન્ટ વિદ્યાશાખા અંતર્ગત સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ તેમજ વિજ્ઞાન વિદ્યાશાખા ** અંતર્ગત માત્ર સ્નાતકકક્ષાએ અભ્યાસક્રમોનું માળખું (૭૦ ગુણની સેમેસ્ટર પરીક્ષા + ૩૦ ગુણની આંતરિક) ૭૦ : ૩૦નું રહેશે. પ્રશ્નપત્ર અને આંતરિક ગુણની વહેંચણી નીચે મુજબ છે.

યુનિવર્સિટી પરીક્ષા માંથી ૨૦ ગુણના Objective રદ કરવામાં આવ્યાં અને આંતરિક વિકલ્પ સાથે પાંચ પ્રશ્નો ૧૪–૧૪ ગુણના વર્ણનાત્મક પ્રશ્નો પૂછવાનાં રહેશે. જેનું માળખું નીચે મુજબ છે.

| સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ ૭૦ ગુણની યુનિવર્સિટી પરીક્ષાના પ્રશ્નપત્રનું માળખું | ગુણની વહેંચણી | અનુસ્નાતક કક્ષાનું ૩૦ ગુણની આતંરિક પરીક્ષાનું માળખું | ગુણની વહેંચણી | સ્નાતક કક્ષાનું ૩૦ગુણની આંતરિક પરીક્ષાનું માળખું |
|---|---|---|---|---|
| પ્રશ્ન ૧ અથવા પ્રશ્ન ૧ | ૧૪* | સેમિનાર / પ્રેઝન્ટેશન | ૧૦ | ૩૦ગુણનું અસાઈનમેન્ટ |
| પ્રશ્ન ૨ અથવા પ્રશ્ન ૨ | ૧૪* | એસાઈનમેન્ટ | ૧૦ | |
| પ્રશ્ન ૩ અથવા પ્રશ્ન ૩ | ૧૪* | આતંરિક કસોટી *** | ૧૦ | |
| પ્રશ્ન ૪ અથવા પ્રશ્ન ૪ | ૧૪* | **કુલ ગુણ** | **૩૦** | |
| પ્રશ્ન ૫ અથવા પ્રશ્ન ૫ | ૧૪* | | | |
| **કુલ ગુણ** | **૭૦** | | | |

* યુનિવર્સિટી પરીક્ષા માંથી હેતુલક્ષી પ્રશ્નો રદ કરવા અને ૧૪ ગુણના વર્ણનાત્મક પ્રશ્નો પૂછવાના રહેશે.

* * વિજ્ઞાન વિદ્યાશાખા અંતર્ગત સ્નાતક કક્ષાએ દરેક પ્રશ્નમાં (a) અને (b) રાખવા.

*** અનુસ્નાતક કક્ષાએ આતંરિક કસોટીમાં વિભિન્નતા ધરાવતા એક–એક ગુણના હેતુલક્ષી પ્રશ્નો પૂછવાના રહેશે.

વૈકલ્પિક ઉતર ધરાવતા પ્રશ્નો પૂછી શકાશે નહી.

(૩) વિનયન, વાણિજ્ય, મેનેજમેન્ટ, શિક્ષણ અને ગ્રામવિદ્યા વિદ્યાશાખા અંતર્ગત જ્યાં કાઉન્સિલ દ્વારા અભ્યાસક્રમ સૂચવવામાં આવતો નથી ત્યાં સેમેસ્ટર દીઠ ચાર (૪) પ્રશ્નપત્રો ભણાવવાના રહેશે. પ્રત્યેક પ્રશ્નદીઠ ચાર (૪) તાસનો કાર્યભાર રહેશે.

(૪) સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ જ્યાં કાઉન્સિલ દ્વારા અભ્યાસક્રમ સૂચવવામાં આવેલ ન હોય તે અભ્યાસક્રમોમાંથી ડીઝર્ટેશન રદ કરી તેટલા જ ગુણનો એક પેપર રાખવો.

(૫) વાર્ષિક પ્રથા પમાણેના વિદ્યાર્થીઓને કે જેઓને એફ.વાય.(F.Y.)માં એટી.કે.ટી. (A.T.K,.T.) હોય તેઓને એસ.વાય.(S.Y.) કે ટી.વાય.(T.Y.) માં પ્રવેશ આપતી વખતે એસ.વાય.(S.Y.) નું પરિણામ ધ્યાને લેવુ નહી. વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ વ્યવસ્થા શૈક્ષણિક વર્ષ ૨૦૧૫– ૧૬ના સુધી ચાલુ રહેશે.

MAHARAJA KRISHNAKUMARSINHJI BHAVNAGAR UNIVERSITY

# મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

નેક પ્રમાણિત "બી" ગ્રેડ

સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ, ગૌરીશંકર લેઈક રોડ, ભાવનગર–૩૬૪ ૦૦૧. ગુજરાત. ફોન: (P.B.X.) ૨૪૩૦૦૦૨–૬–૭/ ૨૫૧૧૧૫૬
કુલપતિ: (ઓ) ૨૪૨૬૫૧૯ (ઘર) ૨૪૨૯૦૮૬ કુલસચિવ: (ઓ) ૨૪૨૮૦૧૪ ફેક્સ: (૦૨૭૮) ૨૪૨૬૭૦, ૨૫૧૩૯૪૩
ઈમેઈલ: registrar@bhavuni.edu વેબસાઈટ: www.bhavuni.edu

**એકેડેમિક કાઉન્સિલની સભા તા.૦૧–૦૭–૨૦૧૨. ઠરાવ ક્રમાંક (૩)**

આથી ઠરાવવામાં આવે છે કે, એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ બાહય અભ્યાસક્રમ પરીક્ષા માટેના પેપરોની સંખ્યા, તેમજ ગુણભાર નીચેની વિગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ થી અમલી કરવામાં આવ્યા.

(૧) બાહય અભ્યાસક્રમ માટે જે તે અભ્યાસક્રમ તથા પેપરોની સંખ્યા CBCS પ્રથા મુજબ રાખવી.

(૨) પરીક્ષા વર્ષમાં એક જ વખત લેવામાં આવશે.

(૩) દરેક પ્રશ્નપત્ર ૧૦૦ ગુણનો રહેશે.

(૪) પ્રશ્નપત્રમાં પાંચ (૫) પ્રશ્નો આંતરિક વિકલ્પે પૂછવાના રહેશે. દરેક પ્રશ્નોના ગુણ ૨૦ રહેશે.

**નોંધ :–** (૧) એફ.વાય. બી.એ./ બી.કોમ. માં પ્રવેશ માટે ૯૦% બેઠકો પર ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો. બાકીની ૧૦% બેઠકો અન્ય યુ.જી.સી./ગુજરાત રાજ્ય એ માન્ય કરેલ યાદી પૈકીના બોર્ડમાંથી ભરવી.

(૨) એમ.એ./એમ.કોમમાં પ્રવેશ માટે ૯૦% બેઠકો પર મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો. બાકીની ૧૦% બેઠકો યુ.જી.સી./એ.આઈ.યુ. એ માન્ય કરેલ યાદી પૈકીની યુનિવર્સિટીમાંથી ભરવી.

અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા પહેલા યુનિવર્સિટીના એકેડેમિક વિભાગ દ્વારા પ્રોવિઝનલ એલિજિબિલીટી સર્ટિફિકેટ લેવાનું રહેશે.

**એકેડેમિક કાઉન્સિલની સભા તા.૦૧–૦૭–૨૦૧૨. ઠરાવ ક્રમાંક (૫)**

આથી ઠરાવવામાં આવે છે કે,

(૧) CBCS અભ્યાસક્રમોના સેમેસ્ટર–(૧), (૩) અને (૫) ની પરીક્ષાઓ એક જ વખત ઓક્ટોબર–નવેમ્બર માસમાં તેમજ સેમેસ્ટર–(૨), (૪) અને (૬)ની પરીક્ષાઓ એક જ વખત માર્ચ–એપ્રિલ માસમાં લેવાશે.

(૨) એક્ષ્ટર્નલ અભ્યાસક્રમ તેમજ જૂની વાર્ષિક પધ્ધતિની પરીક્ષા વર્ષમાં માત્ર એક જ વખત માર્ચ–એપ્રિલ માસમાં લેવાની રહેશે.

ખાસ ફરજ પરના અધિકારી

(કુલસચિવ)

# મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

નેક પ્રમાણિત "બી" ગ્રેડ

સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ, ગૌરીશંકર લેઈક રોડ, ભાવનગર–૩૬૪ ૦૦૧. ગુજરાત. ફોનઃ (P.B.X.) ૨૪૩૦૦૦૨–૬–૭/ ૨૫૧૧૧૫૬
કુલપતિઃ (ઓ) ૨૪૨૬૫૧૯ (ઘર) ૨૪૨૯૦૮૬ કુલસચિવઃ (ઓ) ૨૪૨૮૦૧૪ ફેક્સઃ (૦૨૭૮) ૨૪૨૬૭૦, ૨૫૧૩૯૪૩
ઈમેઈલઃ registrar@bhavuni.edu વેબસાઈટઃ www.bhavuni.edu


પ્રતિ,

(૧) સંચાલિત/સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ...

(૨) ભવન/કેન્દ્ર ના વડાશ્રીઓ...

(૩) ડીપ્લોમા કોર્સના કો–ઓર્ડિનેટરશ્રીઓ...

(૪) નિયામક બાહય પરીક્ષા વિભાગ...

<u>નકલ જાણ સારૂ રવાના</u> :

[૧] કુલપતિશ્રીના રહસ્ય સચિવ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ,ભાવનગર.

[૨] કુલસચિવશ્રીના રહસ્ય સચિવ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ,ભાવનગર.

[૩] પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ,ભાવનગર.